GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ગુજરાતી ભાષા સાહિત્ય : ડિજિટલ યુગ અને બદલાતા પ્રવાહો

ડૉ.જલદા વોરા

આસિસ્ટન્ટ પ્રોફેસર,

શ્રી. આઈ.જે.પટેલ બી.એડ, મોગરી.

**સારાંશ:** સાહિત્ય એ માનવીની ભાવનાઓ, વિચારો, કલ્પનાઓ, અનુભવો અને મૂલ્યોનું સર્જનાત્મક અભિવ્યક્તિકરણ  છે. એકવીસમી સદીનાં ડિજિટલ યુગમાં ગુજરાતી સાહિત્ય રચનામાં વિશાળ પરિવર્તન જોવા મળ્યા છે. ડિજિટલ યુગે ગુજરાતી સાહિત્યને નવાં દ્વાર ખોલી આપ્યાં છે. ભક્તિ ગીતોથી માંડીને આધુનિક ડિજિટલ સાહિત્ય સુધીનો તેનો પ્રવાસ સમૃદ્ધિ અને સર્જનશીલતાનું પ્રતિબિંબ છે. ડિજિટલ સાહિત્ય થકી ગુજરાતી ભાષા અને સાહિત્યની સુગંધ વિશ્વના દરેક ખૂણે ફેલાઈ રહી છે, આમ ગુજરાતી ભાષા અને  સાહિત્ય સતત વિકસી રહ્યા છે અને વૈશ્વિક મંચ પર પોતાની અનોખી ઓળખ બનાવી રહ્યાં છે. વર્તમાન સમયમાં સાહિત્ય માત્ર પુસ્તકો કે સામાયિકોમાં મર્યાદિત નથી પરંતુ ઈ–બુકબ્લોગ,ઓનલાઈન મેગેઝીન, સોશિયલ મીડિયા અને ડિજિટલ પોર્ટલ્સ દ્વારા વ્યાપક બની ગયું છે. લેખનનું ડીજીટલીકરણ થવાને કારણે લેખક/કવિ પોતાની રચનાઓને માત્ર કાગળ પર નહી, પરંતુ વર્ડ પ્રોસેસર, ઈ–મેગેઝીન, બ્લોગ, પોર્ટલ્સ અને ઈ–બુક પ્લેટફોર્મસ પર રચે છે.

(**ચાવીરૂપ શબ્દો:** ઈ–જર્નલ, બ્લોગિંગ, ડિજિટલ,પોડકાસ્ટ, ઈ–બુકબ્લોગ, ડિજિટલ પોર્ટલ્સ)

## ડિજિટલ યુગમાં સાહિત્ય રચના

સાહિત્ય એ માનવીની ભાવનાઓ, વિચારો, કલ્પનાઓ, અનુભવો અને મૂલ્યોનું સર્જનાત્મક અભિવ્યક્તિકરણ  છે. એરીસ્ટૉટલ અનુસાર 'મીમિસિસ' એટલે કે વાસ્તવિકતાનો કલાત્મક અનુસરણ, જ્યારે મેથ્યુ આર્નોલ્ડના મતે સાહિત્ય એ જીવનની સમીક્ષા છે. સાહિત્ય રચના એ માત્ર મનોરંજન માટે નહી, પરંતુ માનવીના હૃદયને સ્પર્શે, જીવનને અર્થ આપે, સમાજને દિશા આપે અને મૂલ્યો પ્રસરાવે. જ્યારે લેખક

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

જીવાનુભવ, સમાજની પરિસ્થિતિ, માનવીય સંવેદનાઓ કે કલ્પનાની દુનિયા શબ્દો દ્વારા રજૂ કરે છે ત્યારે તે સાહિત્ય રચનાની શ્રેણીમાં પરિણમે છે. માનવીની અંતરંગ ભાવનાઓને અભિવ્યક્ત કરવા, સંસ્કૃતિ અને પરંપરાનું જતન, માનવીને જ્ઞાન અને મનોરંજન પ્રદાન કરે છે. સાહિત્યની રચના માત્ર લખાણ નથી, વ્યક્તિના હૃદયનું પ્રતિબિંબ છે, જે વ્યક્તિગત અનુભવોને સામાજિક અને સર્વવ્યાપક બનાવે છે. સાહિત્ય હંમેશા સમાજ અને સમયના પરિવર્તન સાથે જોડાયેલું છે. મુદ્રણકળાની શોધ પછી જે પ્રમાણે પરિવર્તન થયું એ જ પ્રમાણે ડિજિટલ યુગમાં સાહિત્ય રચનાની પદ્ધતિઓ માધ્યમ અને વાંચન શૈલીઓમાં વિશાળ પરિવર્તન જોવા મળે છે. પદ્ય સાહિત્ય જેવા કે ગઝલ, ગીત, હાઈકુ, સ્તુતિ હોય અને ગદ્યસાહિત્ય જેવાકે વાર્તા, નવલકથા, નિબંધ, નાટક, આત્મકથા, જીવનચરિત્ર હોય અને લોક સાહિત્ય પ્રકારમાં લોકગીતો, લોકકથાઓ, કહેવતો, લોકગાથા બધા જ સાહિત્ય પ્રકાર ડિજિટલના રંગે રંગાઈ ગયા છે.

ગુજરાતી સાહિત્યની પરંપરા ખૂબ જ સમૃદ્ધ છે. મધ્યકાલીન યુગનાં સાહિત્યથી માંડીને આધુનિક ગુજરાતી સાહિત્ય સુધીમાં સમૃદ્ધ સાહિત્ય રચનાઓ આપણને પ્રાપ્ત થઇ છે. ગુજરાતી ભાષા માત્ર સંવાદનું સાધન નથી પરંતુ એક સાંસ્કૃતિક વારસો છે. ગુજરાતી સાહિત્યે ભક્તિ,જ્ઞાન, રાષ્ટ્રપ્રેમ, સામાજિક સુધારણા અને આધુનિક જીવનના તમામ પાસાંઓને સ્પર્શ્યા છે. આપણી સંસ્કૃતિ અને સંસ્કારને અન્યોની તુલનામાં વિશિષ્ટ અને ઉમદા કરવાનો શ્રેય ગુજરાતી સાહિત્ય રચનાને ફાળે જાય છે. ગુજરાતી ભાષા અને સાહિત્યની વિશેષતાઓ જોઇએ તો ભક્તિ અને આધ્યાત્મિકતા, લોકસંગીતનું પ્રતિબિંબ સાદગીભર્યા અને અસરકારક ભાષાપ્રયોગ સમાજજીવન, રાષ્ટ્રપ્રેમ અને આધુનિક પ્રશ્નોને સ્પર્શતુ સર્જન. ભક્તિ ગીતોથી માંડીને આધુનિક ડિજિટલ સાહિત્ય સુધીનો તેનો પ્રવાસ સમૃદ્ધિ અને સર્જનશીલતાનું પ્રતિબિંબ છે. ડિજિટલ સાહિત્ય થકી ગુજરાતી ભાષા અને સાહિત્યની સુગંધ વિશ્વના દરેક ખૂણે ફેલાઈ રહી છે, આમ ગુજરાતી ભાષા અને સાહિત્ય સતત વિકસી રહ્યા છે અને વૈશ્વિક મંચ પર પોતાની અનોખી ઓળખ બનાવી રહ્યાં છે.

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

એકવીસમી સદીનાં ડિજિટલ યુગમાં ગુજરાતી સાહિત્ય રચનામાં વિશાળ પરિવર્તન જોવા મળ્યા છે. ડિજિટલ યુગે ગુજરાતી સાહિત્યને નવાં દ્વાર ખોલી આપ્યાં છે. વર્તમાન સમયમાં સાહિત્ય માત્ર પુસ્તકો કે સામાયિકોમાં મર્યાદિત નથી પરંતુ ઈ–બુકબ્લોગ,ઓનલાઈન મેગેઝીન, સોશિયલ મીડિયા અને ડિજિટલ પોર્ટલ્સ દ્વારા વ્યાપક બની ગયું છે. ગુજરાતી સાહિત્યકારો ગુજરાત કે ભારત સુધી મર્યાદિત ન રહેતાં, વિશ્વભરનાં વાચકો સુધી પહોંચી ગયા છે. ભલે પડકારો છે, અવરોધો છે છતાં ડિજિટલ પ્લેટફોર્મે ગુજરાતી સાહિત્યને નવી ઊર્જા, નવો વાચક વર્ગ અને વૈશ્વિક ઓળખ આપી છે. આમ ટેકનોલોજીના ઉપયોગથી સાહિત્ય વધુ લોકપ્રિય, સુલભ અને જનમાનસની નિકટ પહોંચી ગયું છે. ડિજિટલ યુગમાં ગુજરાતી સાહિત્ય રચના કાગળથી સ્ક્રીન સુધીનો સફર ખેડે છે. વાચક અને લેખક વચ્ચેનું અંતર ઘટી ગયું છે. આજકાલનું ડિજિટલ સાહિત્ય યુવાપેઢી માટે સર્જન અને અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ બની રહ્યું છે.

**પરંપરાગત સાહિત્ય રચનામાં ડિજિટલ માધ્યમને કારણે પરિવર્તન**

લેખનનું ડીજીટલીકરણ થવાને કારણે લેખક/કવિ પોતાની રચનાઓને માત્ર કાગળ પર નહી, પરંતુ વર્ડ પ્રોસેસર, ઈ–મેગેઝીન, બ્લોગ, પોર્ટલ્સ અને ઈ–બુક પ્લેટફોર્મસ પર રચે છે. જેથી લેખન અને પ્રકાશનમાં સરળતા રહે છે. ઈ–લાયબ્રેરીના કારણે કોઈપણ સમયે વાંચન શક્ય બને છે. ઈન્સ્ટ| કાવ્ય, ફ્લેશ ફિક્શન, ડિજિટલ હાઈકુ જેવા નવા સાહિત્યિક સ્વરૂપો ઉદ્ભવ્યા છે.

Facebook, Instagram, WhatsApp, Twitter ઉપર લઘુકથાઓ, ક્વોટસ વગેરે એક નવા સ્વરૂપમાં પ્રસરી આવ્યું છે. માત્ર લખાણ પૂરતું નહીં પણ ઓડિયો બુક, પોડકાસ્ટ, યુ–ટ્યુબ કાવ્યવાંચન, વિડિયો સ્ટોરીટેલીંગ દ્વારા સાહિત્યની અભિવ્યક્તિ, દ્રશ્ય– શ્રાવ્ય સ્વરૂપે સાહિત્ય વધુ જીવંત બન્યું છે. ડિજિટલ મેગેઝીનોમાં નવા લેખકો અને કવિઓને પ્રકાશનનો અવસર પ્રાપ્ત થઈ રહ્યો છે. પરંપરાગત સામાયિકોની સાથે ઘણી ઓનલાઈન જર્નલ્સ અને બ્લોગિંગ પ્લેટફોર્મ પ્રચલિત થયાં છે. મલ્ટીમીડિયા સાહિત્ય ને કારણે હવે સાહિત્ય માત્ર શબ્દોમાં જ નહી પરંતુ ચિત્ર, ઓડિયો, વિડીયો સાથે જોડાયેલાં જોવા મળે છે. ડિજિટલ

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સ્ટોરીટેલીંગ અને પોડકાસ્ટ એનું ઉત્તમ ઉદાહરણ છે. વાચકો હવે લાંબી નવલકથાઓ કરતાં લઘુકથાઓ ફલેશ ફિક્શન, બ્લોગ પોસ્ટ્સ અને ક્વોટસને વધુ પસંદ કરે છે. આમ વાંચન શૈલીમાં પરિવર્તન આવ્યું છે, મોબાઈલ અને ઈ–રીડર્સ દ્વારા વાંચન વધુ સરળ અને વ્યાપક બન્યું છે. ડિજિટલ પ્લેટફોર્મને કારણે એક ભાષામાં લખાયેલું સાહિત્ય અનુવાદ દ્વારા તાત્કાલિક વિશ્વભરમાં ઉપલબ્ધ બની શકે છે. ગુજરાતી સહિત પ્રાદેશિક ભાષાઓનું સાહિત્ય પણ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પહોચ્યું છે. ઉપરાંત ડિજિટલ માધ્યમની સૌથી મોટી વિશેષતા એ છે કે લેખકને વાચકનો પ્રતિસાદ તુરંત જ મળી રહે છે. લાઈક, કોમેન્ટ, અને શેર દ્વારા લેખક અને વાચક વચ્ચે સીધો સંબંધ સ્થાપિત થાય છે.

**ડિજિટલ ગુજરાતી સાહિત્ય રચનાના વિવિધ ઉદાહરણો:**

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત ડિજિટલ પુસ્તકાલય તથા Amazon Kindle પર ઉપલબ્ધ અનેક ગુજરાતી નવલકથાઓ, કાવ્યો, નિબંધો ઈ–બુક સ્વરૂપે ઉપલબ્ધ છે. શબ્દ–સૃષ્ટિ, મિત્ર અને ગુજરાતી Literature Online Portal જેવા ઓનલાઈન મેગેઝીન અને ઈ–મેગેઝીન જેવા સાહિત્યિક સર્જન હવે ડિજિટલ મેગેઝીનમાં પ્રસિદ્ધ થાય છે. wordpress, Blogspot medium પર ગુજરાતી સાહિત્યિક બ્લોગ તથા યુવા કવિઓ અને વાર્તાકારો દ્વારા વ્યક્તિગત બ્લોગને આધારે કાવ્યો, નિબંધો, વાર્તાઓ વગેરે પ્રકાશિત થાય છે. Facebook, Instagram, Twitter, Whatsapp પર ટૂંકીવાર્તાઓ,કાવ્યો, હાઈકુ,ચારણીઓ પોસ્ટ થાય છે. ઉદાહરણ તરીકે instagramપર 'ગુજરાતી કવિતા પેજ' Facebook grups પર 'ગુજરાતી સાહિત્ય લવર્સ'. જ્યારે Zoom, Youtube, Facebook લાઈવ દ્વારા કવિતા, પાઠ, વાર્તાલાપ અને સાહિત્યિક ચર્ચા થાય છે. Youtube live series ઉપર Cofee with poet અને ગુજરાતી કાવ્યો, વાર્તાઓ અને નવલકથાઓ ઓડિયોબુક સ્વરૂપે ઉપલબ્ધ થાય છે. પોડકાસ્ટ દ્વારા સાહિત્ય પ્રસારિત થાય છે. ગુજરાતી કહાની પોડકાસ્ટ અને ગુજરાતી ઓડિયોબુક્સ દ્વારા પ્રસારિત થાય છે. ઓનલાઈન ફોરમ અને એપ્સ પર ગુજરાતી સાહિત્ય રચાય છે. પ્રતિલિપી એપમાં નવા લેખકો અને કવિઓ પોતાની કૃતિઓ મૂકી શકે છે. ગુજરાતી સાહિત્ય માટે

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

માતૃભારતી App પણ છે. ડિજિટલ આર્કાઈવ્સ દ્વારા જુના ગ્રંથો, પત્રો અને સામાયિકોને સંગૃહિત કરીને નવી પેઢી સુધી પાઠવી શકાય છે. ગુજરાતી મુશાયરાના ઓનલાઈન કાર્યક્રમો પણ પ્રાપ્ત થાય છે. ડિજિટલ યુગ એટલે ઈંટરનેટ, મોબાઈલ, કમ્પુટર અને સોશિયલ મીડિયા આધારિત સમય. આમ માનવીના જીવનમાં જ નહિ પરંતુ સાહિત્ય સર્જનમાં પણ પરિવર્તન થયેલ છે. પ્રકાશક અથવા પ્રિન્ટીંગ પ્રેસ પર આધાર રાખવાની જરૂર નથી. ડિજિટલ સાહિત્યની સૌથી મોટી ખાસિયત એ છે કે તે કોઈપણ બંધન કે મર્યાદાઓમાં બંધાયા વિના વિશ્વ ફલક સુધી પહોંચાડે છે. પરંપરાગત રીતે પ્રકાશન લાંબી પ્રક્રિયા છે, જ્યારે ડિજિટલ માધ્યમમાં લેખ, કવિતા કે વાર્તા ઓનલાઈન મૂકી શકાય છે. કાગળ, છાપકામ, બાઈન્ડીંગ વિતરણ વગેરેનો ખર્ચ ડિજિટલમાં થતો નથી.

**ઉપસંહાર :** પરંપરાગત અને ડિજિટલ બંને પ્રકારના સાહિત્ય રચનાની આગવી વિશેષતા છે. પરંપરાગત સાહિત્ય આપણો સાંસ્કૃતિક વારસો અને ગહનતા જાળવી રાખે છે, જ્યારે ડિજિટલ સાહિત્ય ઝડપી પ્રસારણ, વૈશ્વિક પહોંચ અને આધુનિક અભિવ્યક્તિની તક આપે છે. આ બંને સાથે મળીને આગળ વધે તો ગુજરાતી સાહિત્ય વધુ સમૃદ્ધ, લોકપ્રિય અને ટકાઉ બની શકે છે. પરંપરાગત સાહિત્ય રચના હોય કે ડિજિટલ સાહિત્ય રચના હોય, કવિ કે લેખકની રચના માનવ હૃદયને સ્પર્શે છે અને જીવનને અર્થપૂર્ણ બનાવે છે.

**સંદર્ભ સાહિત્ય:**

1. ચૌહાણ, કિશોર.(૨૦૨૧), ડિજિટલ યુગમાં ગુજરાતી સાહિત્ય: પરિવર્તન અને પડકારો, અમદાવાદ:ગુજરાત યુનિવર્સીટી પ્રકાશન.
2. દેસાઈ, મનીષા.(૨૦૨૦), ડિજિટલ યુગમાં કાવ્ય સર્જન, વડોદરા: કાવ્ય પ્રસ્થાન
3. પટેલ, અંજલી. (૨૦૧૯), ડિજિટલ માધ્યમ અને સર્જનાત્મક લેખન વડોદરા: સર્જન પ્રકાશન.
4. શાહ, મીના. (૨૦૨૧), ગુજરાતી સાહિત્યમાં ડિજિટલ પ્રવાહો, અમદાવાદ: સાહિત્ય અકાદમી.
5. ત્રિપાઠી, હર્ષ. (૨૦૨૧). ડિજિટલ સાહિત્યનું સાહિત્યશાસ્ત્ર અધ્યયન, ભાવનગર:જ્ઞાનમંદિર.